# બાઈના મુવાડા દૂધ મંડળીના ચેરમેન સહિત ૧૪ને કારણદર્શક નોટીસ

પ્રાંતિજ, તા.૮

સાબરકાંઠાના પ્રાંતિજના બાઈના મુવાડા સ્થિત દૂધ ઉત્પાદક સહકારી મંડળમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૯૩ અન્વયેની ચેરમેન સહિત ૧૪ સભ્યોને કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાઈના મુવાડા દૂધ ઉત્પાદન મંડળીમાં તા. ૧-૪-૨૦૧૩થી ૩૧-૩-૨૦૧૪ સુધીના ઓડિટ સમય દરમિયાન મંડળીએ તેના સભાસદો બિન સભાસદો પાસેથી દૂધ લીટર ૧૯૬૩૧૩ ખરીદ કરી દૂધ સંઘને વેચાણ કર્યુ હતું. દૂધ સંઘ તરફથી ૨૦૦૦૧૩ કિ.ગ્રા. વેચાણ મળે છે. જેમાં દૂધ વધ -૩૭૦૦ લીટર છે જેની ટકાવારી ૧.૮૮ જેટલી જળવાયેલ છે. આમ ૩ ટકા વધ જળવાવી જોઈએ જેના બદલે ૧.૨૨ લેખે ૨૧૮ લીટરની ઘટ પડી છે. જેથી મંડળીના પેટા નિયમ ૩૭, ૩૮ અને ૩૯ મુજબ મંડળીના ચેરમેન અને વ્યવસ્થાપન કમિટી સભ્ય તેમજ સેક્રેટરીની જવાબદારીઓ નક્કી કરવામાં આવે છે. જે જોતા દૂધના ફેટ ટેસ્ટીંગ કરવાની જવાબદારી ટેસ્ટરની રહે છે તેના ઉપર દર વખતે ૫ ટકા રીટેસ્ટીંગ કરવાની જવાબદારી સેક્રેટરીની રહે છે. તેમજ તમામ સ્ટાફ કર્મચારીની દેખરખ નિયંત્રણ રાખવાની જવાબદારી વ્યવસ્થાપન કમિટીની હોવા છતા સ્ટાફ કર્મચારીઓ અને વ્યવસ્થાપન કમિટી પોતાની જવાબદારીઓ અદા કરવામાં બેદરકારી અને નિષ્કાળજી દાખવતા તેવા કારણે મંડળીને રૂ. ૨૫૬૭૫૫૯૨નું આર્થિક નુકશાન થવા પામેલ છે. જેથી ઓડિટર એન.એન. પટેલ, સબ ઓડિટર દ્વારા આર્થિક નુકશાની તથા ગંભીર અનિયમિતતાઓ જણાઈ આવતા એક સાથે ૧૪ સભ્યોને કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી હતી.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાની મલેકપુર પ્રાથમીક શાળાનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર ધ્વારા આયોજીત ભિલોડા તાલુકાના રમતોત્સવ તા. ૬/૧/૨૦૧૫ ને મંગળવારના રોજ ધોલવાણી ખાતે યોજાયો હતો. મલેકપુર પ્રાથમીક શાળા,સી.આર.સી. કિશનગઢના ભાઈઓ અને બહેનોને ખો-ખોની ટીમ તાલુકા કક્ષાએ પ્રથમ આવતાં મલેકપુર પ્રાથમીક શાળા આચાર્ય દિનેશભાઈ પરમાર, કોચ ભાનુમતીબેન ખરાડી, સ્ટાફ પરીવાર, એસ.એમ.સી.ના સભ્યોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# હિલવુડ સ્કૂલનો વાર્ષિક ખેલ-દિવસ યોજાયો

ગાંધીનગર, તા. ૮

હિલવુડ સ્કૂલ ગાંધીનગર ખાતે વાર્ષિક ખેલ દિવસનુંઆયોજન કરવામાં આવ્યું હતું. એરવાઈસ માર્શલ ટી.ડી. જોસેફ મુખ્ય અતિથિ તરીકે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી દિક્ષિત, કેમ્પસ ડાયરેક્ટરશ્રી મીક્ષાકુમારી, શ્રુશ્રી દિક્ષિત વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપ્યો. શાળાના ચારેય હાઉસ નાલંદા, ઉજ્જૈન, તક્ષશિલા અને રાંચીના વિદ્યાર્થીઓએ ગર્વ અને માન સાથે સ્કૂલ બેન્ડ ગ્રુપ સાથે માર્ચપાસ કર્યુહતુ. શ્રીમતી સુનિતા સહગલે વાર્ષિક ખેલ અહેવાલ રજુ કર્યો હતો. પ્લેગૃપથી ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ શિસ્ત બદ્ધ તાલીમ સાથે વિવિધ કરતબો રજુ કર્યા હતા. જેમા ગાર્ડન ડાન્સ, બેલ કસરત, કરાટે, રેઓબિક્સ પતંગ કસરત, પંખા તથા હુપ પ્રદર્શન, યોગ-સૂર્યનમસ્કાર અને પિરામિડની હાઈલાઈટ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ બધા જ ડ્રીલમાંથી જજ દ્વારા સર્વશ્રેષ્ઠ ડ્રીલની ટ્રોફી સૂર્યનમસ્કારને એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓ માટે વિવિધ દોડનુંઆયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને મહેમાનના હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

સ્પોર્ટસ ડે ના સમાપન સમારોહમાં ઈનામ વિતરણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે,રાજ્યસ્તરે,સ્કૂલ સ્તરે, ઈન્ટર હાઉસ કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં જુનીયર કેટેગરીમાં (જુ.કે. થી ધોરણ-૫)માં યશ ઠક્કર અને હીર ઠક્કરને બેસ્ટ સ્પોર્ટ પર્સન ઓફ ધ યર ની ટ્રોફીથી સન્માનિત કરાયા. જ્યારે સીનીયર કેટેગરીમાં (૬ થી ૧૨ ધોરણ)માં કુ. લીપ્સી કેતન ભટ્ટ તથા યશ ગોસ્વામીને બેસ્ટ સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર ની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. મિલન ચૌધરી અને ખુશી દોશીએ બેસ્ટ એથલેટની ટ્રોફી જીતી તક્ષશિલા હાઉસ બેસ્ટ હાઉસની ટ્રોફીથી સન્માનિત કરાયા. સ્કૂલ સોવિનીયર એકસ્પ્રેશન-૨૦૧૫ આ પ્રસંગે રીલીઝ કરવામાં આવ્યું. ચીફ ગેસ્ટ અને પ્રિન્સિપાલ સુજાતા ટંકનના વકતવ્ય બાદ આભારવિધિ કરવામાં આવી અને રાષ્ટ્રીયગીત ગાન સાથે કાર્યક્રમનુંસમાપન થયું.

# સોલ્ટ માઉન્ટ ખાતે દાંડી કુટિરનું લોકાર્પણ

## ત્રણ મજલાનું અતિ આધુનિક પ્રદર્શન નિહાળી પ્રધાનમંત્રીએ પ્રસન્નતા વ્યક્ત કરી





ગાંધીનગર, તા.૮

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિરના સાંન્નિધ્યમાં સૉલ્ટ માઉન્ટ ખાતે દાંડી કુટિર ખુલ્લી મૂકી હતી. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેબ્લેટ ઑન કરીને રિમોટ દ્વારા અત્યંત આધુનિક પ્રદર્શન કક્ષનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

બહારથી મિઠાના ઢગલા આકારની દાંડી કુટિર એ ત્રણ મજલામાં પથરાયેલું વિશાળ પ્રદર્શન છે. પૂ.મહાત્મા ગાંધીજીના બાળપણથી લઈને આઝાદીના સંગ્રામ સુધીના પ્રસંગોને અત્યંત આધુનિક ટેકનોલોજીની મદદથી પ્રદર્શિત કરાયા છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂ.ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને પ્રદર્શનની મુલાકાતનો પ્રારંભ કર્યો હતો. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ અને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રદર્શન વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઑટો ગાઈડના હેડફોન સાથે સમગ્ર પ્રદર્શનને માણ્યું હતું, અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

પ્રદર્શનની મુલાકાત દરમિયાન આરોગ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા નાણાં અને ર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ પણ સાથે રહયા હતા. મુખ્ય સચિવ શ્રી ડી.જે.પાંડિયન, અગ્રસચિવ શ્રી અતનુ ચક્રવર્તી, સચિવ શ્રી પી.કે.જૈન તથા વરિષ્ઠ અધિકારીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

# ગ્લોબલ ટ્રેડ-શો - દેશનું સૌથી મોટું પ્રદર્શન

ગુજરાત સરકાર દ્વારા દર બે વર્ષે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું આયોજન કરવામાં આવે આ સમિટ નોલેજ શેરીંગ, સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ અને રોકાણોના ઈન્ફ્લો માટે કોમન પ્લેટફોર્મ પૂરું પાડે છે. વર્ષ-૨૦૦૩થી અત્યાર સુધીમાં યોજાયેલી વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતમાં વિશાળ -માણમાં રોકાણ થયું છે અને તેનાથી રાજયના વિકાસને બળ મળ્યું છે. આ સાથે ગુજરાત ૅગ્લોબલ બિઝનેસ હબ તરીકે પણ ઉભરી રહ્યું છે.

રાજય સરકાર દ્વારા એક સપ્તાહ લાંબા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૧૫નું ગાંધીનગરમાં એકિઝબિશન ગ્રાઉન્ડમાં તા. ૭ થી ૧૩ જાન્યુઆરી સુધી ટ્રેડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો અંદાજીત ૧,૨૫,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં છે, જેમાં ૧૭ હાઉસિંગ ડોમમાં ૧૩૦૦ થી વધારે સ્ટોલ લગાવવામાં આવ્યા છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૧૫ ના -દર્શનમાં ડોમ- ૧ અને ૧એ, -વાસી ભારતીય દિવસ માટે અનામત રાખવામાં આવ્યા છે, જયાં ભારત સરકાર અને વિવિધ રાજયોના મંત્રીશ્રીઓ, રાજય સરકારો, જાહેર ક્ષેત્રના એકમો, નાણાકીય સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો અને એસએસઆઈ માટે અનામત રાખવામાં આવી છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો (વીજીજીટીએસ) એક એવો આંતરરાષ્ટ્રીય ટ્રેડ શો બની રહ્યો છે, જેણે ૨૫ જેટલા ક્ષેત્રોને -દર્શિત કરવાનું પ્લેટફોર્મ પુરૂં પાડયુ છે. ભારતનું વિરાટકાય -દર્શની ક્ષેત્ર વીજી ૨૦૧૫ બન્યું છે. સમસ્ત વિશ્વમાંથી આવેલા -તિનિધિમંડળોને દર્શાવવા માટે આ -દર્શનીમાં ૨૦૦૦થી વધુ કંપનીઓને તેમના ઉત્પાદનો, સેવાઓ અને તેમની સફળ-ગાથાઓ -દર્શિત કરવા માટે હિસ્સો લીધો છે.

આ -દર્શનીમાં ૧૫૦થી વધુ દેશોમાંથી આવેલા ૨૫૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય -તિનિધિમંડળો અને ૨ મિલીયન લોકો મુલાકાત લેશે એવો અંદાજ છે.

સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઑફ યુનિટી કે જે એકતાનું -તિક છે અને તેનું નિર્માણ સમગ્ર ભારતમાંથી એકત્ર કરાયેલા લોખંડથી થશે, તેની -તિકૃતિ પણ દર્શાવવામાં આવી છે. વિવિધ થીમ્સ અને રાજય સરકાર દ્વારા ધ્યાનમાં લેવાયેલા વિકાસ ક્ષેત્ર પર આધારિત એક લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ -દર્શની દરેક મુલાકાતીઓ માટે ૯મી અને ૧૩મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ખુલ્લી રહેશે. તારીખ ૮મી અને ૧૦મી



જાન્યુઆરીમાં તેની મુલાકાત સમસ્ત વિશ્વમાંથી અને અન્ય કારોબારીય આમંત્રિત પીબીડી -તિનિધિમંડળો લેશે. તારીખ ૧૧મી અને ૧૨મી જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫ માટે સમસ્ત વિશ્વમાંથી પધારેલા -તિનિધિમંડળો અને અન્ય કારોબારીય આમંત્રિતો તેની મુલાકાત લેશે. પીપીપી મોડ હેઠળ ગ્લોબલ ટ્રેડ શોમાં વાઈ-ફાઈ સુવિધા સહિત લગભગ ૧૭૦થી વધુ હોટ-સ્પોટ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ ઈવેન્ટ દરમિયાન તમામ મુલાકાતીઓ અને -તિનિધિમંડળોને વિનામૂલ્યે વાઈ-ફાઈ સુવિધા પુરી પાડવામાં આવશે.



## મકરસંક્રાંતિ નજીક આવતા કુતરાં માટે લાડુ બનાવાયા

મકરસંક્રાંતિ એ આનંદ પર્વની સાથે સથે દાન પુણ્ય કમાવાનો પણ અવસર છે. મકરસંક્રાંતિ એ મુંગા જીવો પ્રત્યે દયા દાખવવાનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવેલો જોવા મળે છે. ગાંધીનગરના સે-૮નીગોકુલ સોસાયટીની મહિલાઓ છેલ્લાં દસ વર્ષથી કુતરાંઓ માટે લાડુ બનાવે છે.

# ગાંધીનગર એક્રિડીટેશન પ્રેસ ક્લબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર - જિલ્લામાં ૧૮ વર્ષથી કાર્યરત સરકારમાં રજીસ્ટર્ડ





'ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ ક્લબ''ની તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં સર્વાનુમતે લેવાયેલ નિર્ણય મુજબ ૨૦૧૫-૧૮ (ત્રણ વર્ષ માટે) પ્રમુખ તરીકે શ્રી કિશોરભાઈ અંજારીયા, ઉપપ્રમુખ શ્રી ગૌતમભાઈ પુરોહિત, કારોબારી ચેરમેન તરીકે શ્રી ચંદ્રકાંત પટેલ, મહામંત્રી શ્રી પાર્થ ઠક્કર, સંગઠનમંત્રી શ્રી વિશાલ ઉપાધ્યાય અને ખજાનચી તરીકે આશુતોષ પંડ્યા તેમજ સલાહકાર તરીકે શ્રી આર. કે. મિશ્રા, શ્રી બશીરભાઈ પઠાણ શ્રી ભુવનેશભાઈ ઓઝા, શ્રી અશ્વિનભાઈ વ્યાસ તેમજ કારોબારી સભ્યો તરીકે શ્રી દિનેશભાઈ અનાજવાલા, શ્રી લક્ષ્મણભાઈ પટેલ, શ્રી જતીન કોઠારી, શ્રી ધનંજય જોશીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

પૂર્વ પ્રમુખ શ્રી અશ્વિનભાઈ વ્યાસ તેમજ ખજાનચી શ્રી ભૂવનેશભાઈ ઓઝાની ૧૮ વર્ષની સુંદર - સહકારપૂર્ણ કામગીરી અને સેવા બદલ સંસ્થાએ આભાર માનીને બિરદાવી હતી.

'ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ ક્લબ''ની ૨૦૧૫-૧૮ માટે ફોર્મ ભરવામાં બાકી રહેલ સભ્યોએ ફોર્મ ભરી જવા અપીલ કરવામાં આવી છે.

## રેશનલ સમાજ ગાંધીનગરનો શનિવારે સ્નેહમિલન

રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે સંસ્થાના સભ્યોના ''સ્નેહમિલન'' કાર્યક્રમ તા. ૧૦ મી શનિવારે સવારે નવ વાગે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧/૧ 'ઘ' ટાઈપ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. શ્રી ધીરૂભાઈ મિસ્ત્રી જેઓ ''દસ્તાવેજ ચિત્રો અને તેની સમાજ પર અસર'' એ વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે. શ્રીમતી મહાશ્વેતા જાની જેઓ ''મહિલાઓ પિતૃસાધક સમાજ અને રેશનાલીઝમ'' એ વિષય પર પોતાનું વકતવ્ય આપશે.

રક્તદાન મહાદાન

## ગુજરાત બંધના એલાન સંદર્ભે શહેર જિલ્લા કોંગ્રેસની મીટીંગ

ગાંધીનગર તા.૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા.૯મી જાન્યુઆરીએ સે-૨૨ના પાર્ટી કાર્યાલય ખાતે બપોરે ૨ વાગે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટીંગમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૧૦મી જાન્યુઆરીના રોજ આપવામાં આવેલ ગુજરાત બંધના એલાનના સંદર્ભમાં ગામડાંઓ સંપૂર્ણ બંધ રહે તે અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ મીટીંગ શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને મળશે જેમાં કોંગ્રેસના એનએસયુઆઈ, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ ઉપરાંત સિનીયર આગેવાનો, કોર્પોરેટરો કોંગ્રેસના કાર્યકરો તથા તમામ હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૬૧૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | ૭ | | |
| ૮ | | | | ■ | ૯ | | ■ |
| | ■ | | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | |
| ■ | ૧૬ | ૧૭ | | ૧૮ | ૧૯ | | ■ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ૨૨ |
| ■ | ૨૩ | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. ગોલ સાચવનાર (૫)
૪. વર્દીના ડ્રેસનો કલર (૨)
૬. ઉજાગરો, વ્રતમાં રાતે જાગે (૪)
૮. એક શહેર જૈનોનું તિર્થ(૪)
૯. 'વોલ' શબ્દ ઊંધો (૨)
૧૦. પતિ પાછળ... થઇ જવાનો રિવાજ હવે નાબૂદ થયો છે (૨)
૧૨. શરીર, અંગ (૨)
૧૫. દેવું (૨)
૧૬. ચીંથરેહાલ (૬)
૨૦. ધનુષ્યનો અવાજ (૩)
૨૧. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૨૩. રણકાર, રણકવાનો અવાજ (૪)

### ઊભી ચાવી

૧. ગોળની એક વાનગી (૫)
૨. કરવાવાળો (ભગવાન)(૪)
૩. છુટ્ટી, રવિવાર.... નો દિવસ (૨)
૪. માછીમારનો ધંધો કે નાવ હાંકનાર (૩)
૫. પહાડો વચ્ચે કોતરો હોય તે (૨)
૭. ભુલને હિન્દીમાં... કહેવાય (૩)
૧૧. ફરજ, જવાબદારી (૩)
૧૩. આહ્‌વાન (૪)
૧૪. વજન (૨)
૧૫. કર્મ (૩)
૧૭. ગ્રહણ, ... ટાણે સાપ (૩)
૧૮. સાર, સત્વ (૨)
૧૯. ગ્રાહક (૩)
૨૨. તપસ્યા (૨)

### શબ્દાવલી ૫૬૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) અલ્પાહાર (૩) આસામી (૫) દમામ (૭) જીજાજી (૧૦) રોબ (૧૧) વીતરાગ (૧૨) આપની (૧૩) કફ (૧૪) મોરા (૧૫) ઝાકળઝોળ (૧૭) ટ્રાઇસીકલ (૧૯) ટળવુ (૨૦) નર્યુ

**ઊભી ચાવી :-** (૧) અલ્પજીવી (૨) રદ (૩) આમ (૪) મીણબત્તી (૬) માન (૮) જાતકભાઇ (૯) જીરાફ (૧૦) રોપ (૧૨) આરામ (મોકલવું (૧૫) ઝાકળ (૧૬) ઝોબન (૧૭) ટ્રામ (૧૮) સીટ

## ભારતીયો યોગદાન આપે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીયો સંબોધતાં જણાવ્યું હતું કે, અત્યારે મોરેશિયસમાં ચૂંટણી થઈ અને મોટી બહુમતિ સાથે જીતેલા સૌકતઅલીનું સ્વાગત થયું. આફ્રિકાના વિદેશમંત્રી મશાબાનેનો ભારતપ્રેમ તેમના કપડામાં પણ જોઈ શકાય છે. સો વર્ષ પહેલા એક પ્રવાસી ભારતીય ભારત આવ્યા. એના વર્ષો બાદ એક પ્રવાસી ભારતીયોનું એક પ્રવાસી ભારતીય સ્વાગત કરે છે.

મોદીએ જણાવ્યું હતું કે, એક વાત મેં નોંધી છે કે ભારતમાં કોઈ પીડાદાયક ઘટના બને તો ભારતમાં કંઈક બન્યુ હોવાનુ જાણી દુનિયાના કોઈ પણ ખુણે વસનારા ભારતીયની આંખમાંથી આંસુ વહે છે. તેને એટલુ જ દર્દ થાય છે, જેટલુ ભારતમાં રહેનારાઓને થાય છે. મને યાદ છે જયારે ગુજરાતના કચ્છમાં ભુકંપ આવ્યો હતો. વિશ્વનો કોઈ ભારતીય એવો નહીં હોય જેણે ગુજરાતના આંસુ લુછવાનું કામ ન કર્યુ હોય. જયારે મંગલાયનની સફળતા મળી ત્યારે દુનિયાભરમાં વસતા હિન્દુસ્તાનીઓ નાચ્યા હતા. તેના માટે ગર્વની વાત હતી કે મારો દેશ પ્રગતિ કરે છે.

ગુયાનાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ રામોત્તારે પોતાના ભાષણની શરૂઆત નમસ્તેથી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવ્યો ત્યાં સુધી ગુજરાતના વિકાસ અંગે ઘણુ વાંચેલુ છે અને સાંભળેલું છે. અહીં આવીને જોઉં છું કે અહીં ઘણો વિકાસ થયો છે. માનવતા અંગેના ગાંધીજીના વિચારો વિશ્વ માટે પ્રેરક છે. પ્રવાસી ભારતીય સમુદાય પોતે એક નાનકડા વિકાસશીલ દેશ જેવડો છે. ભારત અને ગુયાના વચ્ચેના સંબંધો ખુબ જૂના છે. ભારત વિકાસશીલ દેશોને એક પ્લેટફોર્મ પર લાવવા માટે ભારત મોટો ભાગ ભજવી શકે તેમ છે.

આફ્રિક વિદેશમંત્રી કોના મશાબાને પોતાના સંબોધનમાં ગુજરાતના મહિલા મુખ્યમંત્રી તરીકે સંબોધી આનંદીબેનનું અભિવાદન કર્યુ અને નમસ્તે કહીને સંબોધનનો પ્રારંભ કર્યો. તેમણે જણાવ્યું હતું કે, આ આયોજનમાં અમને ભાગીદાર બનાવીને ભારત અને દક્ષિણ આફ્રિકાની મૈત્રીને નવા સ્તરે પહોંચાડવા બદલ આભારી છું. ભારત મને મારા બીજા ઘર જેવું લાગે છે. ગાંધીજીના ભારત પરત ફરવાના આ ઐતિહાસિક પ્રસંગે કહેવા ઈચ્છીશ કે આજના જ દિવસે એટલે કે ૮ જાન્યુઆરીએ નેલ્સન મંડેલાએ આફ્રિકન નેશનલ કોંગ્રેસની સ્થાપના કરી હતી.

મશાબાનેએ જણાવ્યું હતું કે, ગાંધીજીનું જીવન સંઘર્ષોથી ભરેલુ છે. તેમણે આફ્રિકામાં ગાળેલા વર્ષો દરમિયાન પણ ભારે સંઘર્ષ કર્યો હતો. ગાંધીજીએ સત્યાગ્રહનો કોન્સેપ્ટ સાઉથ આફ્રિકામાં વિકસાવ્યો હતો. ભારત અને ગાંધીજી લગભગ એક જેવા જ સંઘર્ષમાંથી પસાર થતા હતા. ગાંધીજી અને મંડેલાએ પોતાની આખી જિંદગી હોમી દીધી. હેલ્થકેર, એનર્જી અને ઈન્ફર્મેશન એન્ટ ટેકનોલોજી જેવા અનેક ક્ષેત્રોમાં ભારત અને આફ્રિકા વચ્ચે વધુ સહકારની શક્યતા છે.

આ પ્રસંગે ઉપસ્થિત વિદેશી મહેમાનોને સંબોધતા ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના વિઝન અને નેતૃત્વ વિના આવું ભવ્ય આયોજન શક્ય નહોતું. હું પ્રવાસી ભારતીય દિવસના ભાગીદાર રાજય ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું પણ અભિવાદન કરુ છું. પ્રવાસી ભારતીયો વિશ્વની સંસ્કૃતિમાં ખુબ મહત્વ ધરાવે છે. વિશ્વભરમાં વસેલા ૨૫ મિલિયન ભારતીયો વિશ્વના વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે.

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમના ઉદ્‌બોધનમાં કહ્યું હતં કે તમારા સૌનું હું પૂજય મહાત્મા ગાંધી અને લોહપુરૂષ સરદાર પટેલની ભૂમિ પર સ્વાગત કરું છું. ગુજરાતમાં પહેલી વાર યોજાઈ રહેલા પ્રવાસી ભારતીય દિવસમાં સંબોધન કરતા મને ગર્વની લાગણી થાય છે. નવું વર્ષ ગુજરાત માટે આનંદની ક્ષણો લઈને આવ્યું છે. તમે જે પરિષરમાં બેઠા છો તે મહાત્મા મંદિર તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રદાન મોદીના વિઝનનું પરિણામ છે. વડાપ્રધાને ગાંધીજીની સ્ટેમ્પ સાથે રૂપિયા ૧૦૦ અને ૧૦ના સિક્કાનું વિમોચન કર્યુ હતું અને જણાવ્યું હતું કે ચલણી નોટમાં સિક્કા હોવું એ ઈતિહાસની નિશાની દર્શાવે છે.